**Research Review** **ISSN: 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Jan 2017, Year - 3 (45)**
**www.researchreviewonline.com** **Paper ID: RRJ578548**

# કુન્દનિકા કાપડિયા : શ્રેષ્ઠ નવલિકાકાર

**સંશોધક**
**ક્રિશ્ન કે. શાંડપા**
આસીસ્ટન પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા

ગુજરાતી સાહિત્યમાં કુન્દનિકા કાપડિયા નવલિકાકાર અને નવલકથાકાર તરીકે વિશેષ જાણીતા છે. કુન્દનિકા કાપડિયાના સાહિત્ય સર્જનમાં નારીવાદ અને નારી ચેતનાનું દર્શન થાય છે. હું વિચારો મૌન અને એકાંતનો જીવ છું એવું કહેનાર લેખિકાને જીવનમાં રસ છે. જીવનના સૌંદર્યાત્મક આવિષ્કારોમાં રસ છે. રૂપ, કર્મ, ઈન્દ્રિયગત સૌંદર્યની ઝંખના તેનામાં રહેલી જોઈ શકાય છે. આજે નંદિગ્રામમાં પ્રકૃતિના સાંનિધ્યમાં રહેતા લેખિકાના જીવનનો સુંદર ચિતાર જોવા મળે છે.

નવલિકાકાર તરીકે લેખિકા કુન્દનિકા કાપડિયાનું પ્રદાન આગવું છે. એમની વાર્તાઓમાં વિશાળ વાંચનનો પ્રભાવ પડેલો જોવા મળે છે. પ્રેમના આંસુ' એ એમનો પ્રથમ નવલિકાસંગ્રહ છે. એ ઉપરાંત એમણે બીજા ચાર વાર્તાસંગ્રહો આવ્યા છે. એમાં ધૂમકેતુ, શરદબાબુ, ટાગોર, શેકસપિયર અને ઈબ્સન વગેરે સર્જકોના સર્જનકાર્યમાંથી એમને પ્રેરણા મળી હોવાનું તેઓ જણાવે છે. એમની મોટાભાગની વાર્તાઓમાં નારી કેન્દ્ર સ્થાને છે. છતાં પ્રકૃતિથી તેઓ અળગાં રહી શકયાં નથી. લેખિકા પાસેથી કુલ પાંચ વાર્તાસંગ્રહો મળે છે.

૧) પ્રેમનાં આંસુ (૧૯૫૪)
૨) વધુ ને વધુ સુંદર (૧૯૬૮)
૩) કાગળની હોડી (૧૯૭૮)
૪) જવા દઈશું તમને (૧૯૮૩)
૫) મનુષ્ય થવું (૧૯૯૦)

તેમના વાર્તાસંગ્રહની કેટલીક આગવી વિશેષતાઓ પણ છે. તેમની વાર્તાઓમાં નારી કેન્દ્રિત વાર્તાઓનો પણ સમાવેશ થાય છે.

'પ્રેમનાં આંસુ' – પ્રથમ વાર્તાસંગ્રહ છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં જુદા-જુદા વિષયને આવરી લેતી કુલ ૧૮ વાર્તાઓ આપવામાં આવી છે. આ વાર્તાસંગ્રહમાં નારીજીવને સ્પર્શતી વાર્તાઓનો પણ સમાવેશ થયેલો જોવા મળે છે. જેમાં પ્રેમનાં આંસુ', 'તમારા ચરણોમાં', 'તારા છાયી રાત' અને 'અતૃપ્તિ'... જેવી વાર્તાઓ નિરૂપાઈ છે.

ISSN: 2321- 4708
Jan 2017, Year - 3 (45)
Paper ID: RRJ578548

'વધુ ને વધુ સુંદર'(૧૯૬૮) - પ્રસ્તુત સંગ્રહની વાર્તાઓમાં કથા ઓછી અને સંકેત વધારે નિરૂપાતા જોવા મળે છે. વાર્તાસંગ્રહમાં કુલ ૨૦ વાર્તાઓ આપવામાં આવી છે. માનવજીવનમાં અનેકવિધ તત્ત્વોનાં વિપુલ ઝરણા પ્રસ્તુત વાર્તાઓમાં વહેતા જોવા મળે છે. સુખ કે દુઃખ, સંવાદિતા કે આકુળતાના સ્વરૂપે પ્રગટ થતા આ ઝરણા કુદરતની પ્રક્રિયાના સૌંદર્ય સ્વરૂપો છે. માનવો રોજ રોજ દુનિયાના વિચાર, આદર્શ, ધોરણ અને ધર્મના નામે અનેક ખ્યાલો વહેતા મૂકે છે. આવા તબક્કાઓએ માનવ હૃદયના તળિયે પડેલા જીવંત તત્વોને સૂકવી નાખ્યા છે. એવા કંઈક ભાનથી પ્રેરાઈને લેખિકાએ પોતે અનુભવેલી સંવેદનશીલતાને અહિં શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં એક રાતની વાત', 'પુનરાગમન', 'સૂરજ ઉગશે' અને 'ચાર પત્રો' જેવી વાર્તાઓ નારી-જીવનને સ્પર્શતી વાર્તાઓનું નિરૂપણ થયેલું જોવા મળે છે.

'કાગળની હોડી' - સંગ્રહમાં કુલ ૨૪ વાર્તાઓ આપવામાં આવી છે. માનવીનાં અનેક સ્વરૂપોને આલેખવાનો પ્રયત્ન આ વાર્તાસંગ્રહમાં થયેલો જોવા મળે છે. માનવીનું અંતર પારખવું કેટલું મુશ્કેલ ? અને છતાં જાણે માનવ મનની નાડ પારખી છે તે વાર્તાકાર એક ન ભૂલાય એવું ચિત્ર આપણી આંખો સામે જીવંત કરે છે. વ્યથા અને પ્રેમ એ જીવનનાં બંને પાસાંઓને લેખિકાએ મોટાભાગની વાર્તાઓમાં આલેખ્યા છે. આ સંગ્રહની વાર્તાઓ પરથી એટલું કહી શકાય કે કોઈ ભાંગેલી તકતીના ટુકડાઓ જેવું આ જીવન આપણને મળ્યું છે એ ટુકડાઓ કયાંક સંબંધથી જોડાયેલા છે અને અણઉકેલ્યા અભરોથી અંકિત છે. પણ તેને આપણી જાત વિના કોણ જોડશે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં 'સાથ', 'છલના', 'સર્વનાશ' અને 'તો'... વગેરે વાર્તાઓમાં નારીચેતનાનું દર્શન થાય છે.

‘જવા દઈશું તમને' (૧૯૮૩)માં પ્રગટ થયેલ લેખિકાનો ચોથો વાર્તાસંગ્રહ આપણને મળે છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં કુલ ૩૧ વાર્તાઓ આપવામાં આવી છે. આ વાર્તાસંગ્રહમાં જે વિષયોનું નિરૂપણ કર્યું છે તેમાં રહસ્યમયતા જુદી-જુદી રીતે નિરૂપાયેલી જોવા મળે છે. આ સંગ્રહમાં પણ જીવનમાં મનુષ્ય-મનુષ્ય વચ્ચે અનેક જાતના સંબંધો છે, અનેકવિધ સમસ્યાઓ છે. ઉંમરની અને ભાવની વિવિધ દશાઓ અને આસ્થાઓ છે – એ બધા પાછળ શો અર્થ છે? શું રહસ્ય છે ? એ ઓળખવા અને તેનું વાર્તામાં નિરૂપણ કરવું—એ લેખિકાની દૃષ્ટિ રહી છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં ખુરશી', 'ન્યાય', 'અવકાશ', 'સંપૂર્ણ સુંદર પળે', 'પ્રતિશોધ' અને 'મારી મા' વગેરે વાર્તાઓમાં નારીચેતનાનું પ્રતિબિંબ ઉપસનું જોવા મળે છે.

‘મનુષ્ય થવું (૧૯૯૦) – વાર્તાસંગ્રહમાં કુલ ૧૧ વાર્તાઓ આપવામાં આવી છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં સ્ત્રીપાત્રો કેન્દ્રમાં છે, બે અપવાદ બાદ કરતાં બધી વાર્તાઓ સુખાન્ત છે એ લેખિકાના મૂળભૂત ઉદેશને સર્વથા અનુરૂપ છે. મનુષ્ય જીવનનાં નાનાવિધ રૂપો અને અર્થોને કળાત્મક રીતે પ્રગટ કરતી આ વાર્તાઓ મહત્ત્વની બની રહી છે. જીવનનાં અંધ બળોના ઉધામાને કે ધસમસતા આવેગોના નિરૂપણને અહીં સ્થાન નથી. આ વાર્તાઓમાં ભાવજગતની ઝીણી ભાતવાળી સબળતાનું નિરૂપણ છે. વર્ણન અને વિવરણ કરતાં

બહુધા એ કામ કથન વડે કરવામાં આવ્યું છે. છતાં કથન કયાંક શુષ્ક બનતું નથી. વાતો નીરસ બનતી નથી એનું કારણ લેખિકાનું અભિવ્યકિત સામથ્ર્ય છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં 'દરિયાની સાક્ષીએ', 'ઓ ઉંમરે એકલી', 'ફલાવરવેલી' અને 'ઢોળાયેલી સુગંધ' વગેરે નારીજીવનને સ્પર્શતી વાર્તાઓ છે. સમગ્ર વાર્તાસંગ્રહમાં જીવનના મર્મોને પ્રગટ કરતી વાર્તાઓ નિરૂપાઈ છે.

આમ, વાર્તાસંગ્રહની વાર્તાઓમાં લેખિકાએ જીવનની કેટલીક ઘટનાઓ અને સમસ્યાઓમાંથી કેટલીક ભાવ સંવેદનાઓ નિષ્પન્ન કરી જીવનના 'અર્થ' કે 'મર્મ'નો સાક્ષાત્કાર કરવાનું સર્જન-કર્મ કર્યું છે. ઉપરાંત શ્રેષ્ઠ વાર્તાઓના સંગ્રહમાંથી કેટલીક વાર્તાઓ લેવામાં આવી છે.

આમ, કુન્દનિકા કાપડિયાની વાર્તાઓમાં ફિલસૂફી સંગીત દામ્પત્ય જીવન વગેરે વિષયોને લઈ વાર્તાઓ આપી છે. વાર્તાઓમાં લેખિકાની નિરૂપણ રીતિની હથોટી સારી જોવા મળે છે.

## સંદર્ભસૂચિ

૧) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો, ધીરુભાઈ ઠાકર સંશોધિત સંવર્ધિત સંસ્કરણ-૨૦૦૬
૨) આધુનિક નારીનું નિરૂપણ, સં. મીનાબેન શાહ (પ્ર.આ. જાન્યુ ૨૦૦૮)
૩) આધુનિકોત્તર સાહિત્ય, સુધા નિરંજન પંડયા (પ્ર. આ. ૨૦૦૬)
૪) ગુજરાતમાં નારીચેતના, શિરીન મહેતા (પ્ર. આ. ૨૦૦૯)
૫) ગુજરાતી સાહિત્ય કોશ – ખંડ ૨ (અર્વાચીન), ચંદ્રકાંત ટોપીવાળા (પ્ર. આ. ૧૯૯૦)